# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-12-2025** **Morning: 7.45 TO 7.55 AM**
**Day : SATURDAY** **National News**

નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)

સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળમાં ત્રણ હજાર **200** કરોડ અને આસામમાં **15** હજાર **600** કરોડના વિકાસ પરિયોજનાઓનું ખાતમુર્હૂત અને ઉદ્ઘાટન કરશે
2) **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભાર મૂક્યો છે કે છેલ્લા 11 વર્ષમાં આગામી પેઢીના માળખાગત વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે**
3) ઉપરાષ્ટ્રપતિ સી રાધાકૃષ્ણન આજે હૈદરાબાદમાં જાહેર સેવા કમિશનરોના .પી. .અધ્યક્ષોના રાષ્ટ્રીય પરિષદના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે
4) ભારતને-ધરલેન્ડ્સ સંયુક્ત વેપાર અને રોકાણ સમિતિ -**JTIC** ની સ્થાપના.
5) અમદાવાદમાં રમાયેલી છેલ્લી ટી-**20** મેચમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને ભારતે શ્રેણી જીતી

******************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PM-WEST BENGAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે . મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી નદિયા જિલ્લાના રાણાઘાટ ખાતે ત્રણ હજાર 200 કરોડના બે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે . શ્રી મોદી એક સભાને પણ સંબોધિત કરશે . પ્રધાનમંત્રી પશ્ચિ મ બંગાળના નદિયા જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 34 ના 66.7 કિલોમીટર લાંબા બરજાગુલી -કૃષ્ણનગર વિભાગના ચાર - માર્ગીય કાર્યનું ઉદ્ઘાટન કરશે . શ્રી મોદી ઉત્તર 24 પરગણા જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 34 ના 17.6 કિલોમીટર લાંબા બરાસાત - બરજાગુલી વિભાગના ચાર - માર્ગીય કાર્યનો પણ શિલાન્યાસ કરશે . આ પ્રોજેક્ટ્સ કોલકાતા અને સિલિગુડી વચ્ચે એક મહત્વપૂર્ણ પ્રોજેટ્સ બનશે અને મુસાફરીના સમયમાં લગભગ બે કલાકનો ઘટાડો કરશે. આ પ્રોજેક્ટ્સ પ્રદેશના આર્થિક વિકાસને સહિત પ્રવાસનને વેગ આપશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-ASSAM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે બે દિવસની મુલાકાતે આસામ જવા રવાના થશે. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી મોદી રાજ્યમાં આશરે 15 હજાર 600 કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે . પ્રથમ દિવસે, પ્રધાનમંત્રી ગુવાહાટીમાં લોકપ્રિયા ગોપીનાથ બોરદોલોઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક ખાતે અત્યાધુનિક બામ્બૂ ગ્રોવ ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે. આશરે એક લાખ 40 હજાર ચોરસ મીટરમાં ફેલાયેલું આ નવું ટર્મિનલ વાર્ષિક એક કરોડ 30 લાખ મુસાફરોની અવરજવરને ધ્યાનમાં રાખી ડિઝાઇન કરવામાં આવ્યું છે. "બામ્બૂ ગ્રોવ" થીમથી પ્રેરિત આ ટર્મિનલ આસામની જૈવવિવિધતા અને સાંસ્કૃતિક વારસાને પ્રતિબિંબિત કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SHAH-CREDAI CONCLAVE – 1

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ભાર મૂક્યો હતો કે છેલ્લા 11 વર્ષમાં આગામી પેઢીના માળખાગત વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. ગઈકાલે નવી દિલ્હીમાં કોન્ફેડરેશન ઓફ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા – ક્રેડાઈના રાષ્ટ્રીય સંમેલન 2025માં સંબોધન કરતાં શ્રી શાહે કહ્યું હતું કે નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન, ભારતમાલા, સાગરમાલા અને પર્વતમાલા સહિત અનેક મુખ્ય પહેલોએ શહેરી વિકાસને નોંધપાત્ર મજબૂત બનાવી ભારતને વિશ્વના અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર-સમૃદ્ધ દેશોમાંનો એક બનાવવા માટે સ્પષ્ટ રોડમેપ રજૂ કર્યો છે.

(બાઇટ: અમિત શાહ)

ગૃહમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે સરકાર શહેરી વિકાસ માટે મહત્વાકાંક્ષી અને દૂરંદેશી અભિગમ અપનાવી રહી છે , જેમાં રિયલ એસ્ટેટ વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. તેમણે વિકાસકર્તાઓ અને ઉદ્યોગ સંસ્થાઓને ટકાઉ અને જવાબદાર વિકાસના સહિયારા દ્રષ્ટિકોણ તરફ સાથે મળીને કામ કરવા વિનંતી કરી.

(બાઇટ: અમિત શાહ)

શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે 2047 સુધીમાં દેશની શહેરી વસ્તી લગભગ 50 ટકા સુધી પહોંચવાનો અંદાજ છે તેથી આવાસ પૂરા પાડવાની જવાબદારી મોટાભાગે વિકાસકર્તાઓની છે. તેમણે ધ્યાન દોર્યું કે રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી – રેરાએ ક્ષેત્રમાં સુધારામાં એક માળખાકીય સફળતા હતી જેને હવે વિશ્વભરમાં માન્યતા મળી છે. શ્રી શાહે કહ્યું કે રેરાએ ભારતમાં ઘર ખરીદનારાઓના હિતોનું રક્ષણ કરવા , વાજબી વ્યવહારો સુનિશ્ચિત કરવા અને ગુણવત્તાયુક્ત બાંધકામની ખાતરી આપવામાં પ્રશંસનીય કાર્ય કર્યું છે , અને 35 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા તેને અપનાવવામાં આવ્યું છે.

# SHAH-CREDAI CONCLAVE – 2

પરિષદને સંબોધતા , પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે રાષ્ટ્ર નિર્માણ શક્તિ તરીકે રિયલ એસ્ટેટ ક્ષેત્રની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો, જે દેશના આર્થિક વિકાસ , શહેરી ભવિષ્ય અને જીવનની ગુણવત્તાને આકાર આપે છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે ટકાઉપણું હવે કોઈ વિકલ્પ નથી , પરંતુ ભવિષ્ય માટે તૈયાર વિકાસનો પાયો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# HP-SSB RAISING DAY

સશસ્ત્ર સીમા દળ SSB આજે તેનો 62માં સ્થાપના દિવસની ઉજવણી કરી રહ્યું છે. આ પ્રસંગે , કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લાના સપ્રીમાં SSB તાલીમ કેન્દ્રમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે, જ્યાં તેઓ પરેડની સલામી લેશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ પણ હાજર રહેશે. અમારા સંવાદદાતા પાસે વિગતો છે:

(વોઈસ કાસ્ટ – રિતેશ કપૂર)

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# VP-TELANGANA-MP

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજથી બે દિવસ દરમ્યાન તેલંગાણા અને મધ્યપ્રદેશની મુલાકાત લેશે. મુલાકાતના પહેલા દિવસે ઉપરાષ્ટ્રપતિ હૈદરાબાદમાં રામોજી ફિલ્મ સિટી ખાતે જાહેર સેવા કમિશનરોના અધ્યક્ષોના રાષ્ટ્રીય પરિષદના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

આવતીકાલે વિશ્વ ધ્યાન દિવસ નિમિત્તે શ્રી રાધાકૃષ્ણન નંદીગામમાં કાન્હા શાંતિ વનમ ખાતે હાર્ટફુલનેસ ગ્લોબલ મુખ્યાલયમાં મુખ્ય અતિથિ તરીકે ભાગ લેશે. બાદમાં, ઉપરાષ્ટ્રપતિ અટલ સંસ્થાન દ્વારા આયોજિત અટલ બિહારી વાજપેયી જન્મ શતાબ્દી ઉજવણીમાં ભાગ લેવા માટે મધ્યપ્રદેશના ઇન્દોર જશે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# INDIA-NETHERLANDS MoU

ભારત અને નેધરલેન્ડ્સે એક સમજૂતી કરાર દ્વારા ભારત-નેધરલેન્ડ્સ સંયુક્ત વેપાર અને રોકાણ સમિતિ - JTIC ની સ્થાપનાની જાહેરાત કરી છે. આ બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર , રોકાણ અને આર્થિક સહયોગને વધુ મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય અને નેધરલેન્ડ્સના વિદેશ મંત્રાલય વચ્ચેના આ સમજૂતી કરારની જાહેરાત ગઈકાલે વિદેશ મંત્રી ડેવિડ વાન વીલની ભારત મુલાકાત પ્રસંગે કરવામાં આવી હતી.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ સમજૂતી કરાર વેપાર અને રોકાણ બાબતો પર નિયમિત સંવાદ અને સહયોગ માટે JTIC ને ઔપચારિક સંસ્થાકીય માળખા તરીકે સ્થાપિત કરવાની જોગવાઈ કરે છે. JTIC દ્વિપક્ષીય વેપાર સંબંધોની સમીક્ષા કરવા , બંને દેશો વચ્ચે રોકાણને પ્રોત્સાહન આપવા, વેપાર અને રોકાણ અવરોધોને દૂર કરવા અને પરસ્પર હિતના ક્ષેત્રોમાં સહયોગ શોધવા માટે એક પદ્ધતિ તરીકે સેવા આપશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MATCH

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની પાંચમી અને અંતિમ ટી-20 મેચમાં ભારતનો 30 રને વિજય થયો હતો. આ વિજય સાથે જ ભારેત શ્રેણી 3-1થી જીતી લીધી હતી.

ગઇકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને ભારતને બેટીંગ આપી હતી. 16 બોલમાં અડધી સદી ફટકારીને હાર્દિક પંડ્યાએ ઝંઝાવાતી બેટિંગનો પરિચય આપ્યો હતો .

ભારતના 231 રનના જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમ 201 રનમાં ઓલ આઉટ થઇ ગઇ હતી. હાર્દિક પંડ્યાને મેન ઓફ ધ મેચ જ્યારે વરૂણને પ્લેયર ઓફ ધ સિરિઝનો એવોર્ડ એનાયત થયો હતો.

.................................

# CRICKET U19 ASIA CUP

દુબઈમાં ગઇકાલે રમાયેલી ક્રિકેટ અંડર-19 એશિયા કપની સેમિફાઇનલમાં ભારતે શ્રીલંકાને આઠ વિકેટથી પરાજય આપ્યો હતો. ભારે વરસાદને કારણે મેચ 20 ઓવરની કરાઇ હતી.

ભારતે શ્રીલંકાને આઠ વિકેટ ગુમાવીને 138 રનમાં ઓલઆઉટ કરી દીધું. જવાબમાં, ભારતે 18 ઓવરમાં માત્ર બે વિકેટ ગુમાવીને 139 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો. વિહાન મલ્હોત્રા અને એરોન જ્યોર્જે અડધી સદી ફટકારી , 114 રનની અણનમ ભાગીદારી કરી. વિહાને 45 બોલમાં 61 રન બનાવ્યા, જ્યારે એરોન 49 બોલમાં 58 રન બનાવી અણનમ રહ્યો. વરસાદને કારણે રમત શરૂ થવામાં વિલંબ થયો હતો.

બીજી સેમિફાઇનલમાં પાકિસ્તાને વર્તમાન ચેમ્પિયન બાંગ્લાદેશને આઠ વિકેટથી પરાજય આપ્યો હતો. આવતીકાલે દુબઈમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ફાઇનલ રમાશે.

. . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિદ્ધી ઉંધાડ

- આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારોને હેડલાઈનમાં લીધા છે..
- દિવ્ય ભાસ્કર લખે છે દેશની નિકાસમાં MSME નો સિંહફાળો- કુલ એક્સપોર્ટમાં 40ટકા હિસ્સો લઘુ ઉદ્યોગોનો...
- સંદેશની હેડલાઈન છે યુવરાજ, ઉથપ્પા, સોનુ સૂદની સંપતિ જપ્ત કરાઈ....
- ગુજરાત સમાચારની હેડલાઈન છે ભડતે બળતુ બાંગ્લાદેશ – કટ્ટરવાદીઓ બેફામ...
- ફુલછાબ પ્રથમ પાંને લખે છે SIR ઈમ્પેક્ટ- 73,73,327 મતદારના નામ કમી... ધરણા કરતો રહ્યો વિપક્ષ, પૂરૂ થયું સંસદનું શિયાળું સત્ર....
- ટ્રમ્પનું ઈમિગ્રન્ટ્સ વિરોધી વધુ એક પગલું, ગ્રીન કાર્ડ લોટરી પ્રોગ્રામ સ્થગિત આ સમાચાર છે નવગુજરાત સમયના...
- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો એસજી હાઈવે પર એએમસી , પોલીસનું મેગા ઓપરેશન , એક જ દિવસમાં 300થી વધુ લોકોને દંડ ફટકાર્યો...અમદાવાદમાં ભાજપ કાર્યકરની હત્યાના કેસમાં ચારને આજીવન કેદ...ભરવાડ સમાજના સુરિવાજો , લગ્નમાં 4 જ તોલા સોનું આપવું , દેવું ન કરવું...

. . . . . . . . . . . . . . . . . . . . . . .